| ५ | तर्कभाषावार्त्तिक | १३०० | शुभविजय | १६६३ | लींबडी. |
| ६ | तर्करहस्य दीपिका | | गुणरत्न D | | पा. ४ |
| ७ | न्यायबिंदु | १२९५ | मल्लवादि | | पा. ४ जे. |
| ८ | न्यायसारवृत्ति | २९०० | आंचलिक जयसिंह E | | बृ अ.२पा.१राधनपूर |

A आ व्याख्या कोणे रचेल छे ते चोकस जाणवा माटे ग्रंथ जोवानी जरूर छे.

B नरचंद्रसूरिना शिष्य उदयप्रभसूरिए सं. १२९९ मां उपदेशमाळानी कर्णिका वृत्ति रची छे माटे नरचंद्रसूरि तेरमी सदीना वचगाळे होवा जोइये.

C क्षमाकल्याण उपाध्याय ओगणीसमी सदीमां हता.

D गुणरत्नसूरि सं. १४६६ मां हता.

E जयसिंहसूरिए सं. १४३६ मां उपदेशचिंतामणि रचेल छे.

| नंबर | नाम. | श्लोक. | कर्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ९ | न्यायालंकार टिप्पन | १०००० | अभयतिलक A | | जेसलमेर. |
| १० | महाविद्याविडंबनावृत्ति | २०७० | भुवनसुंदर | | पा. ४ |
| | टिप्पन | ६५७ | ,, | | पा. ४ लिंबडी. को. |
| ११ | लक्षणसंग्रह B | ६९९ | रत्नशेखर C | | डेक्कन. |
| १२ | सप्तपदार्थी | १९०० | जिनवर्धन D | | पा. १, खं. अ. २ |

A अभयतिलक उपाध्याये सं. १३१२ मां द्व्याश्रयनी टीका रचेली छे.

B आ ग्रंथनुं नाम स्वतंत्र लागे छे, छतां अमे तेने इहां व्याख्याग्रंथमां नोंध्यो छे, माटे पुस्तक जोवाथी ते जो स्वतंत्र जैनन्यायनो ग्रंथ जणाय तो तेने जैनन्यायना बीजा वर्गमां नाखवो जोइये.

C रत्नशेखरसूरि १५०२ थी सं. १५१७ सूधीमां हता.

D जिनवर्धनकृत आ ग्रंथ खंभातना भंडारमां सं. १५११ मां लखेल छे माटे तेना अगाऊ जिन-वर्धन गणि होवा जोईये.

## लीस्ट नंबर ३.

# जैन फिलॉसोफि.

# हरिभद्रसूरिकृत ग्रंथो.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १ | अनेकान्तजयपताका A | ३५०० | हरिभद्र B | | वृ., पा. १-४. |
| | वृत्ति | ८२५० | स्वोपज्ञ | | वृ. पा. १. |
| | ,, टिप्पन | २००० | मुनिचंद्र | | कोडाय. जेसल. |
| २ | अष्टकसूत्र C | २५६ | हरिभद्र | | वृ. पा. १सुलभ्य |
| | वृत्ति | ३३७४ | जिनेश्वर | १०८० | वृ., पा. १-२,को. |
| ३ | उपदेशपद | गा.१०४० | हरिभद्र | | वृ., पा. २ को. |
| | वृत्ति | १४००० | मुनिचंद्र | ११७४ | वृ., पा.१-४.कोडाय |

A आ ग्रंथ पूर्वे जैन न्यायना पाडामां नोंधायो छे, परंतु आ पाडामां हरिभद्रसूरिए रचेला ग्रंथो अनुक्रमवार नोंधवामां आवनार होवाथी एने इहां पण नोंधवामां आवेल छे.

B हरिभद्रसूरि विक्रम संवत् ५८५ मां स्वर्गवासी थया छे. तेओ याकिनी महत्तरा पासे बोध पामेल होवाथी पोताना नाम साथे " धर्मतो याकिनीमहत्तरासूनु " एवुं विशेषण जोडे छे. एमणे १४४४ प्रकरणो रच्यां हतां एम प्रशस्तिलेखो परथी मालम पडे छे, परंतु दिलगिरीनी वात छे के तेमांना हालमां अमोने गण्याने गांठ्या प्रकरणोज हाथ आव्या छे. हरिभद्रसूरिए तथा यशोविजयजी उपाध्याये रचेलां केटलांक प्रकरणो अमदावादमां पंन्यास दयाविमळजी महाराजना भंडारमां मोजूद छे एम सांभळवामां आव्युं छे. हालमां ते भंडार पं. सौभाग्यविमळजी महाराजना हस्तगत छे अने श्रीमान् शेठ मनसुखभाईना भाई जमनाभाई भगुभाई जेवा धार्मिक पुरुषनी देखरेखमां छे, तो तेओ अथवा शेठ जमनाभाई ते भंडार उघडावी तेमांना पुस्तको देखाडवा बाबत अवश्य लक्ष आपशे एवी आशा छे.

C आ सूत्रमां जूदा जूदा बत्रीश अष्टको छे.

| नंबर | नाम. | श्लोक | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | वृत्ति ( बीजी ) A | ६४१३ | वर्द्धमानसूरि B | | जेसलमेर. |
| ४ | जंबूद्वीप संग्रहणी C | गा. ३० | हरिभद्र | | सुलभ्य. |
| ५ | ज्ञानादित्य प्रकरण D | | हरिभद्र | | पा. २, P. 4. |
| ६ | दर्शनसप्तरी गा. १५० | | हरिभद्र | | पा. ३ कोडाय. |
| | अवचूरि | | शिवमंडन | | पा. ३ |
| ७ | देवेंद्रनरकेंद्र प्रकरण E | | हरिभद्र | | डेक्कन. पेज २०९ |
| | टीका | | मुनिचंद्र | | डेक्कन. |
| ८ | धर्मबिंदु | २७३ | हरिभद्र | | वृ., पा., १-३-५. |
| | वृत्ति | ३००० | मुनिचंद्र | | वृ., पा. १अ, सुलभ्य |
| ९ | धर्मसंग्रहणी गा. १३९६ | १७५० | हरिभद्र | | वृ. १ पा. मुं. |

A आ वृत्ति जेसलमेरनी बन्ने टीपोमां ताडपत्रपर लखेली तेना कर्त्ताना नाम साथे नोंधाइ छे. पण बीजा कोईपण भंडारमां जोवामां आवी नथी, माटे जरूर तेनो उतारो थवो जोइये.

B आ वर्द्धमानसूरि ते जिनेश्वरसूरिना गुरु हता ते छे के बीजा छे ते पुस्तकनी प्रशस्ति मेळव्याथी मालम पडी शके तेम छे.

C केटलीक टीपोमां एनी ११२ गाथा नोंधाइ छे.

D आ प्रकरणनुं प्राकृतमां "नाणाइत्त" एवुं नाम छे ते परथी क्लेट, वेबर तथा पीटर्सने तेने संस्कृतमां नानाचित्रकना नामे पण नोंध्युं छे. अने पीटर्सन रिपोर्ट चोथामां हरिभद्रसूरिना नाम नीचे ते तेमणे रचेल छे एम जणाव्युं छे.

E आ प्रकरण डेक्कन कॉलेजना रिपोर्टमां पेज २०९ मां तेनी वृत्ति साथे नोंधेल छे. आ प्रकरण तेना नाम उपरथी ते बहुज सरस लागे छे, पण रिपोर्टमां तेनी पत्रसंख्या के कांइ हकीकत जणावेल नथी, फक्त ग्रंथनुं नाम अने कर्त्ताना नाम मात्र जणाव्या छे. माटे डेक्कन कॉलेजमां रहेला आ अपूर्व प्रकरणनी शोधखोल करी तेनो पतो मेळवी तुरत उतारो करावी लेवानी अत्यंत जरूर छे. हमणा खबर मळी छे के ए ग्रंथ पं. आणंदसागरजी पासे पण छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्याने सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | वृत्ति A ( सूत्रमिश्रा ) | ११००० | मलयगिरि | | वृ., पा., २-३-४. |
| १० | धूर्ताख्यान ( प्रा. ) | ६०२ | हरिभद्र | | पा. ४. |
| ११ | न्यायप्रवेशकसूत्र. | १०८ | हरिभद्र | | वृ. पा. ४. |
| | वृत्ति | ८८७ | स्वोपज्ञ | | पा. २-५ |
| १२ | पंचाशक B | ११८४ | हरिभद्र | | वृ. पा. २-३-४, को |
| | वृत्ति | ७४८० | अभयदेव | ११२४ | वृ. सुलभ्य. |
| | प्र. पंचाशक चूर्णि C | ३२०० | यशोदेव | ११७२ | वृ. पा. १-५. |
| १३ | पंचवस्तुक | १७९४ | हरिभद्र | | वृ. पा. २ |
| | वृत्ति | ५०५० | स्वोपज्ञ | | वृ. पा. ४, कोडाय |
| १४ | पांच सूत्र D | २१० | हरिभद्र | | वृ. पा. २-३. |
| | वृत्ति | ८८० | स्वोपज्ञ | | वृ. पा. २-४-५. |
| १५ | यतिदिनकृत्य E | ५०० | हरिभद्र | | A. S. उ, अ. १. |

A आ वृत्तिने माटे बृहत्‌टिप्पनिकामां आवो उल्लेख छेः—“ धर्मसंग्रहणीवृत्तिर्मलयगिरीया सूत्रमिश्रा ११०००–१०५०० प्रत्यंतरे ”

B पंचाशक १९ छे एम बृहट्टिप्पनिकामां नोंध्युं छे.

C आ चूर्णि माटे बृहत्‌टिप्पनिकामां “ आद्यपंचाशकचूर्णिः ११७२ वर्षे यशोदेवीया सभावाच्य ३२०० ” आवो उल्लेख छे.

D बृहत्‌टिप्पनिकामां एना माटे चोकस उल्लेख नीचे मुजब छेः—

“ पांचसूत्रं प्राकृतमुख्यं वृत्तिश्च हारिभद्री सू. २१० वृ. ८८० पापप्रतिघातगुणबीजाधान १ साधुधर्मपरिभावना २ प्रव्रज्याग्रहणविधि ३ प्रव्रज्यापरिपालना ४ प्रव्रज्याफल ५ सूत्ररूपं.”

E यतिदिनकृत्य केटला श्लोकनुं छे ते संबंधी निर्णय थयो नथी. अमदावादना डेलाना भंडारनी टीपमां तेना पत्र १५ छे एम नोंधेल छे, माटे डेलाना भंडारमांनी प्रत नजरे जोयाथीज तेनो चोकस निर्णय थइ शके तेम छे.

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १६ | योगबिंदु | ५२० | हरिभद्र | | बृ. पा. १-४, को. |
| | वृत्ति | ३६२० | स्वोपज्ञ | | बृ. पा. १-४-५ |
| १७ | योगदृष्टिसमुच्चय | २२३ | हरिभद्र | | पा. १-३, कोडाय |
| | वृत्ति | ११७५ | स्वोपज्ञ | | पा. १-३, कोडाय |
| | अवचूरि | ४५० | साधुराजगणि | | A S. कोडाय. |
| १८ | योगशतक A गा. १०१ | | हरिभद्र | | S. K. |
| १९ | लग्नशुद्धि गा. १२८ B | | ,, | | पा. ३ S.K.कोडाय |
| २० | लोकतत्वनिर्णय | १७० | ,, | | बृ. कोडाय. |
| २१ | वीरांगदकथा C | पत्र ८ | ,, | | अ. २ |
| २२ | वेदबाह्यतानिराकरण D | | ,, | | छे. |
| २३ | शास्त्रवार्तासमुच्चय | | ,, | | पा. ५ डेक्कन पेज २०९ |
| | लघुवृत्ति | ७००० | स्वोपज्ञ | | भा. |

A आ शतक फक्त खंभातमां शांतिनाथजीना भंडारमां ताडपत्रपर लखेल छे एम पीटर्सनना रिपोर्टमां नोंध्युं छे. ते शिवाय बीजे कोइपण स्थळे उपलब्ध थयुं नथी. माटे तेनो उतारो करावी लेवानी जरूर छे.

B आनुं अपरनाम लग्नकुंडलिका पण छे. जुवो रिपोर्ट पेहेलो पेज ८८

C अमदावादना चंचलबाना भंडारमां आ कथा हरिभद्रसूरिए रचेल छे एम नोंध्युं छे. परंतु ते संबंधी बीजो कोई विशेष पुरावो जोवामां आव्यो नथी माटे ते कोणे रची छे ते बाबत नकी करवा माटे तेनी प्रत जोवानी जरूर छे.

D पीटर्सनना पेला रिपोर्टमां पेज १२६ मां आ ग्रंथना कर्त्ता हरिभद्रसूरि जणाव्या छे.

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | वृत्ति (स्याद्वादकल्पलता) | १३००० | यशोविजय | | कोडाय. |
| २४ | श्रावकधर्मतंत्र A | | हरिभद्र | | डेक्कन पेज २०९ |
| | वृत्ति | | मानदेव | | डेक्कन पेज २०९ |
| २५ | षड्दर्शनसमुच्चय. | | हरिभद्र | | पा. १-३-४. |
| | वृत्ति | ४२५२ | गुणरत्न | | पा. ३-४. |
| २६ | षोडशक | ३३० | हरिभद्र | | वृ. पा १-३-४ को. |
| | वृत्ति | १५०० | यशोदेव | | वृ. सुलभ्य. |
| २७ | समरादित्यचरित्र ( प्रा ) | १०००० | हरिभद्र | | पा. ४-५, A. S. |
| | ,, टिप्पन | | मतिवर्धन | | A. S. |
| २८ | सर्वज्ञसिद्धिप्रकरण B | ७३० | हरिभद्र | | जेसलमेर वृ. |
| २९ | संबोधप्रकरण C | २०५४ | हरिभद्र | | अ. १, GOV. 6. |
| ३० | साधुप्रवचनसारप्रकरण D | पत्र ९ | हरिभद्र | | अ. २ |

A डेक्कन कॉलेजना रिपॉर्टमां पेज २०९ मां श्रावकधर्मतंत्र नामे ग्रंथ तेनी वृत्ति साथे नोंधेल छे. पण ते अमोने अत्यार सुधी कोई पण जगोए उपलब्ध थयो नथी, अजायबनी वात ए छे के त्यां पण तेनी श्लोक संख्या पण लखी नथी. माटे शोधक जनोए गुम थता आवा उपयोगी ग्रंथनी डेक्कन कॉलेजमां शोध खोल करी अगर ते ज्यां होय त्यांथी तेनो पतो मेळवी उतारो करावी लेवो जोइये.

B आ प्रकरण फक्त जेसलमेरनी हंसविजयजी महाराजनी टीपमां नोंधायुं छे, ते शिवाय बीजे कोइपण स्थळे उपलब्ध थयुं नथी. माटे जेसलमेरना भंडारमांनी प्रत उपरथी तेनो खास उतारो लेवो जोइये. हमणा खबर मळी छे के ते भावनगरमां तथा पं. आनंदसागरजीना पासे पण छे.

C एनुं अपरनाम तत्वप्रकाशक छे. डेलाना भंडारमां ते पत्र ८८ नुं छे एम नोंध्युं छे परंतु ते केटला प्रमाणनुं छे तेनो चोकस निर्णय डेलाना भंडारमांनी प्रत नजरे जोयाथीज थइ शके.

D आ नाम शक पडतु लागे छे अने ते फक्त अमदावादना चंचलबाना भंडारनी टीपमां नोंधायुं छे. ते शिवाय बीजो कोइ विशेष पुरावो जोवामां आव्यो नथी. माटे तेनुं खरुं नाम शुं छे तेनो निर्णय करवो जोइये.

सूचनाः—आ ग्रंथो उपरांत हरिभद्रसूरिए जे सूत्रो उपर टीकाओ रची छे ते जैनागमना लिस्टमां नोंधाइ छे.

# यशोविजयवाचककृत ग्रंथो.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १ | अध्यात्मोपनिषत् | २३१ | यशोविजय A | | छपाय छे. |
| २ | अध्यात्ममतदलन | | ,, | | छपाय छे |
| ३ | अध्यात्मसार | १३०० | ,, | | पा. ४. को.मुद्रित |
| ४ | अध्यात्ममत परीक्षा | | यशोविजय | | पा. ५ |
| | वृत्ति | ४००० | स्वोपज्ञ | | पा. ५ |
| ५ | उपदेशरहस्य | | यशोविजय | | कोडाय. |
| | वृत्ति | ३७०० | स्वोपज्ञ | | को. |
| ६ | कर्मप्रकृति टीका | १३००० | यशोविजय | | पा. ३ को. |
| ७ | गुरुतत्वनिर्णय | | ,, | | पा. ५, को. |
| | वृत्ति | ६८७१ | ,, | | पा. ५, को. |
| ८ | ज्ञानबिंदु | १२५० | ,, | | छपाय छे. |

A आ यशोविजयगणि ते नयविजयगणिना शिष्य हता अने तेमणे विक्रम सं. १७४२ मां श्रीपाल राजानो रास रचेल छे. तेमणे काशीमां पंडितोने जीतीने सभासमक्ष "न्यायविशारद" तथा "महामहोपाध्याय" ना पद मेळव्यां हतां, अने तेमणे सो ग्रंथ रचतां तेओने न्यायाचार्य पद आपवामां आव्युं हतुं.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ९ | ज्ञानसार A | | यशोविजय | | मुद्रित. |
| | वृति | | देवचंद्र | | अ. १ |
| १० | तर्कभाषा B | ४०० | यशोविजय | | पा. ४-५,खं. Gov6 |
| ११ | देवधर्मपरीक्षा | | ,, | | मुद्रित. |
| १२ | द्वात्रिंशद्वात्रिंशिका | | ,, | | अ. १ को. |
| | वृत्ति | | स्वोपज्ञ | | पा. ३-५ |
| १३ | धर्मपरीक्षा | | यशोविजय | | पा. ३ अ १. |
| | वृत्ति | ५५५० | स्वोपज्ञ | | पा. ३. अ. १ |
| १४ | नयरहस्य C | ५११ | यशोविजय | | पा. ५ |
| १५ | नयोपदेश | | यशोविजय | | पा. ३, अ. १ |
| | टीका D | पत्र९१ | स्वोपज्ञ | | अ. १ |
| १६ | न्यायालोक | १२०० | यशोविजय | | पा. ३, Gov |

A एमां बत्रीस अष्टको छे.

B एने "जैनतर्कभाषा" पण कहे छे.

C आ ग्रंथ फक्त पाटणनी टीपमां नोंधायो छे. माटे आ दुर्लभ्य ग्रंथनो उतारो करावी लेवानी खास जरूर छे.

D आ टीकानुं नाम नयामृततरंगिणी छे अने ते पं. आणंदसागरजी महाराज पासे पण छे.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १७ | न्यायखंडखाद्य A | ५५०० | यशोविजय | | अ २ S K. मुद्रित |
| १८ | प्रतिमाशतक | का. १०४ | यशोविजय | | मुद्रित. |
| | टीका B | ६००० | स्वोपज्ञ | | पा. ३ |
| १९ | प्रतिमास्थापनन्याय | पत्र ४ | यशोविजय | | कोडाय. |
| २० | भाषारहस्य C (प्रा.) | गा. १०१ | यशोविजय | | खंबात. |
| | टीका D | पत्र ३२ | स्वोपज्ञ | | अ. १ |
| २१ | मार्गपरिशुद्धि | पत्र १० | यशोविजय | | कोडाय. |
| २२ | मुक्ताशुक्ति E | | यशोविजय | | |
| २३ | यतिलक्षण समुच्चय | २६३ | यशोविजय | | पा. ३-५ |
| २४ | वैराग्यकल्पलता | ६७५० | यशोविजय | | पा. ५, खंबात. |
| २५ | षोडशक वृत्ति | १२०० | यशोविजय | | भावनगर. |
| २६ | सामाचारी प्रकरण F | | यशोविजय | | भावनगर, |
| | वृत्ति | पत्र ३२ | स्वोपज्ञ | | भावनगर. |

A एनुं बीजुं नाम महावीर स्तव पण छे. पीटर्सने खंबातना शान्तिनाथना भंडारनी नोंध लेतां पोताना त्रीजा रिपोर्टमां पेज १९४ मां सदरहू प्रत लख्यानो सं. १७३६ जणावेल छे.

B पंन्यास आणंदसागरजी जणावे छे के आ टीका उपरांत बीजी एक लघुटीका आसरे श्लोक १२०० नी पूनमिया गच्छना आचार्ये रचेली छे एम तेमना स्मरणमां छे.

C आ प्रकरण प्राकृत भाषामां रचायेलुं छे. अने ते खंबातना भंडारमां छे.

D अमदावादना डेलाना भंडारमां आ टीका पत्र ३२ नी नोंधाइ छे.

E आ ग्रंथ ते वैराग्यकल्पलताना प्रथमना बे स्तबक छे एम पं. आणंदसागरजी जणावे छे.

F आ प्रकरण फक्त भावनगरनी टीपमां तेनी वृत्ति साथे नोंधायुं छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रचया-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| २७ | स्याद्वादकल्पलता A | १३००० | यशोविजय | | पा. ५. |
| २८ | स्तोत्रत्रय B | | | | |
| | संखेश्वर स्तोत्र | का. ११२ | यशोविजय | | खंबात. |
| | गोडीपार्श्वस्तोत्र | का. १०८ | यशोविजय | | खंबात. |
| | समीकापार्श्वस्तोत्र | का. ९ | यशोविजय | | खंबात. |
| २९ | स्तोत्रावलि | पत्र ७ | यशोविजय | | अ. १ |

A हरिभद्रसूरिकृत शास्त्रवार्ता समुच्चयना उपर आ टीका रचेली छे.

B आमां त्रण स्तोत्रो छे तेमना नीचे क्रमवार नाम नोंध्या छे. आ त्रणे स्तोत्रना काव्य अपूर्व छे. माटे उतारवा लायक छे. आ स्तोत्रनी प्रत यशोविजयजीए स्वहस्तेज लखी होय एम लागे छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | महो० श्रीयशोविजयजी कृत न मळता दशग्रंथ. A | | | | |
| १ | छंदश्चूडामणिटीका | | यशोविजय | | |
| २ | ज्ञानार्णव | | यशोविजय | | |
| ३ | त्रिसूत्र्यालोक | | यशोविजय | | |
| ४ | पातंजलकैवल्यपादवृत्ति | | यशोविजय | | |
| ५ | मंगलवाद | | यशोविजय | | |
| ६ | मार्गशुद्धि पूर्वार्ध | | यशोविजय | | |
| ७ | लताद्वय | | यशोविजय | | |
| ८ | विधिवाद | | यशोविजय | | |
| ९ | सिद्धांत तर्क परिष्कार | | यशोविजय | | |
| १० | स्याद्वादरहस्य | | यशोविजय | | |

A आ दश ग्रंथो कोन्फरन्स ऑफीस तरफथी प्रगट थता मासिक हॅरल्डना सन १९०६ ना एप्रिल मासना अंकमां टाइटल पेजपर नोंधाया छे, ते परथी तेमना नामो अमे इहां दर्शाव्या छे. परंतु अत्यंत दिलगिरीनी वात ए छे के, आ उपर जणावेला दश ग्रंथोना नाम जाणवामां आव्या छतां तेमांनो एक पण ग्रंथ अत्यार सुधीमां हाथ लाग्यो नथी. तो सुज्ञ मुनि महाराजाओने अमारी नम्र सूचना ए छे के, एमांनो जे जे ग्रंथ तेओश्री पासे होय तो ते अगर ते क्या जगोए मळी शकशे ते जाणवामां आव्युं होय तो ते संबंधी माहिती अमने लखी जणाववा कृपा करवी. उपरांत आवा अत्युपयोगी गुम थता ग्रंथोने प्रकाशमां लाववा तेओए बनतो प्रयास करवो जोइये.

आ रीते अत्यार सुधीमां अमोने उपर जणाव्या मुजब यशोविजयजी उपाध्याये रचेला ग्रंथो कुल ओगणचालीसज हाथ आव्या छे, ते प्रमाणे आ लिस्टमां दाखल कर्या छे. ते शिवाय तेमना रचला केटलांक प्रकरणो विद्यमान होवा छतां हाथ लाग्या नथी. अजायबी ए थाय छे के, ते प्रकरणो घणीज टुंक मुदतमां एटले सुमारे अढीसो वर्षना दरमियान गुम थइ गया लागे छे. छतां तेमांना केटलांक प्रकरणो अमदावादना पंन्यास दयाविमलजी महाराजना भंडारमां छे एम सांभळवामां आव्युं छे तो ते भंडारना रक्षको आ गुम थता ग्रंथोनी पडेली मोटी खूटने कोइपण रीते पूरी पाडी सकल संघना आभारने पात्र थशे एवी अमारी तेमने नम्र प्रार्थना छे.

| नंबर. | नाम. | श्लोक | कर्त्ता. | रच्याना सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | कोडायमां अवशेष रहेला कटकाना नाम. | | | | |
| १ | तत्वविवेक A | | यशोविजय | | |
| २ | स्याद्वाद्मंजूषा B | | यशोविजय | | |
| ३ | ( कूपना दृष्टांत परग्रंथ )C | | यशोविजय | | |

A तत्वविवेकनुं फक्त प्रथम पत्र कोडायमां छे.

B मल्लिषेणसूरि रचित स्याद्वादमंजरी उपर यशोविजयजीए आ स्याद्वादमंजूषा रची छे. तेना ड्राफ्टना थोडाक पाना कोडायमां छे.

C आ ग्रंथनुं फक्त प्रथम पत्र कोडायमां छे.

# अध्यात्मना ग्रंथो.

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो स | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १ | अध्यात्मकल्पद्रुम | ४२२ | मुनिसुंदर | | पा. ३-४ कोडाय. |
| | वृत्ति | ३००० | धनविजय A | | पा. ३. को. डेक्कन. |
| | वृत्ति ( बीजी ) | २७८८ | रत्नचंद्रगणि | १६७४ | पा. ३-४-५ |
| २ | अध्यात्मबिंदु | का. ३२ | हर्षवर्द्धन B | | P. 4 अ. २ |
| | टीका | ७०० | हर्षवर्द्धन | | P. 4 अ. १-२, खं. |
| ३ | अध्यात्मकमलमार्तंड | २०५ | राजमल्ल (दिगं) | | A. S. |
| ४ | अध्यात्मसार | १३०० | यशोविजय | | पा. ४. को मुद्रित. |
| ५ | अध्यात्मदीपिका C | पत्र ९ | | | अ. १ |
| ६ | अध्यात्मगीता D | ६०० | जिनदत्त | | जेसलमेर. |
| ७ | आत्मज्ञान E | ता. ४९ | | | पा २. |
| ८ | आत्मावबोध F | ५५० | देवप्रभ (मलधारि) | | बृ. |

A धनविजय गणि सत्तरमी सदीमां होवा जोइए.

B आ हर्षवर्द्धन क्यारे थएला छे ते संबंधी ऐतिहासिक बीना मळी नथी.

C आ ग्रंथ अमदावादना डेलाना भंडारनी टीपमां नोंधेल छे. ते शिवाय बीजे स्थळे उपलब्ध थयो नथी.

D आ ग्रंथ शक पडतो लागे छे. कारण के ते संबंधी कोइ पुरावो जोवामां आवतो नथी, अने ते जेसलमेरनी हीरालालकृत टीपमां तेना कर्त्ताना नाम साथे नोंधेल छे. हवे देवचंदजीए अध्यात्म-गीता भाषामां रचेली छे अने ते फक्त श्लोक बावनथी त्रेपन जेटलीज छे. ते परथी वखते आ गीता पण भाषामां रचाई हशे एम अनुमान थाय छे. तो ते भाषामां रचाई छे के केम ? तथा ते कोणे रची छे ते बाबतनी चोकस खात्री जेसलमेरमांनी तेनी प्रत जोयाथीज थई शके.

E आ ग्रंथ पाटणना बीजा भंडारमां नोंधायो छे अने ते ताडपत्रपर लखेल छे माटे ते खास उतारवा लायक छे.

F आत्मावबोध बृहत्‌टिप्पनिकामां नोंधेल छे, पण हजुलगी ते कोई भंडारमां मळ्यो नथी.

| नंबर | नाम. | श्लोक. | कर्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ९ | आत्मानुशासन | ७० | पार्श्वनाग | १०४२ | पा. २-३. |
| | टीका | ताड१४७ | | | पा. २ |
| १० | आत्मानुशासन | | गुणभद्र A | | A. S. |
| ११ | आनंदसमुच्चय B | | | | वृ. |
| १२ | उपदेशरत्नमाला | ३१०० | सकलभूषण ( दिगं ) | १६२७ | A. S. |
| १३ | चारित्रसार | १७०० | चामुंडराज C ( दिगं ) | | A. S. |
| १४ | चित्तसमाधि प्रकरण D | ३०० | ( त्रुटक ) | | जेसलमेर |
| १५ | जिनप्रवचनरहस्यकोश | ३०२ | अमृतचंद्र | | पा. ३—५ |
| १६ | ज्ञानप्रकाश E | गा. ११३ | | | पा. २. |
| १७ | ज्ञानदीपिका F | | | | वृ. |
| १८ | ज्ञानतरंगिणी | पत्र ३६ | (ज्ञानभूषण दिगं) | १५६० | पा. ५ |

A गुणभद्रसूरि त्रण थया छे जेमां बे दिगंबर थया अने एक श्वेतांबर छे. हवे आ ग्रंथकार कया गुणभद्र छे ते ग्रंथ तपास्याथी मालम पडे छतां अमारा धारवा मुजब ते दिगंबर होवा संभव छे.

B एना माटे फक्त बृहत्‌टिप्पनिकामां नीचे मुजब उल्लेख छे:—

" आनंदसमुच्चयोऽध्यात्मशास्त्रं बहुप्रकरणमयं " ते उपरांत कंई माहिती मळी नथी.

C चामुंडराज सं. १०३५ मां हता एम श्रवण बेल्गोलाना लेखमां छे एम पीटर्सनना चोथा रिपोर्टमां नोंध्युं छे.

D आ प्रकरण फक्त जेसलमेरनी हीरालाले करेली टीपमां नोंध्युं छे अने ते त्रुटक छे एम जणावेल छे. पण ते संबंधी तपास करतां कंई पण पुरावो मळतो नथी, ते कोणे रच्युं छे अने तेनुं खरुं नाम शुं छे ते बाबत नक्की करवा जेसलमेरना भंडारमांनी तेनी प्रत नजरे जोया वगर खात्री थवी मुश्केल छे.

E आ ग्रंथ फक्त पाटणना वीजा भंडारनी टीपमां नोंधायो छे, अने ते प्राकृतमां रचायेलो छे माटे उतारवा योग्य छे.

F ज्ञानदीपिकाने माटे बृहत्‌टिप्पनिकामां " ज्ञानदीपिका पिंडस्थादिध्यानवाच्या " आ रीते उल्लेख छे, पण ते क्यां पण उपलब्ध थई नथी. माटे शोधकजनोए ते कोणे रची छे अने क्यां छे ते बाबत शोधखोळ करी तेनी प्रत मेळवी उतारो करावी लेवो जोइये.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्या छे ? |
|---|---|---|---|---|---|
| १९ | ज्ञानार्णव A | ४००० | शुभचंद्र ( दिगं) | | पा. ३-५ वृ. |
| २० | ज्ञानांकुश | का. २८ | | | वृ. |
| २१ | तत्वबिंदु प्रकरण | पत्र ३ | | | अ. १ |
| २२ | तत्वामृत | पत्र ५५ | | | अ. १ |
| २३ | दर्शनरत्नाकर | १९८६४ | सिद्धांतसार B | १५७० | पा. ३-४-५, खं. |
| २४ | धर्मलक्षण C | १५ | | | A.S. S. K. पा. २ |
| २५ | धर्मोपदेशामृत | १९९ | (दिगं)पद्मनंदि | | लींबडी. |
| २६ | ध्यानसार D | पत्र ६ | ( जैन ) | | अ. १ |
| २७ | ध्यानदीपिका E | पत्र १६ | ( जैन ) | | अ. १ |
| २८ | ध्यानविचार | १९ | | | लींबडी. |
| २९ | निर्वाणकांड | पत्र २ | | | पा. ३ |
| ३० | निःश्रेयसाधिगम प्रकरण F | पत्र ३४ | चंद्रानंद | | जेसलमेर. |

A. पाटणनी बन्ने टीपोमां एनी श्लोकसंख्या २४९९ आपी छे.

B. सिद्धांतसारसूरि तपागच्छना सोमजयसूरिना शिष्य इंद्रनंदिसूरिना शिष्य हता.

C धर्मलक्षणमाटे पीटर्सन रिपोर्ट चोथामां तेना आद्यमां "धर्मार्थं क्लिश्यते लोको नच धर्मं परीक्षते । कृष्णं नीलं सितं रक्तं कीदृशं धर्मलक्षणम्" आ रीते नोंध करी छे.

D. E. आ बन्ने ग्रंथो अमदावादना डेलाना भंडारनी टीपमां नोंधाया छे. पण ते संबंधी कंई पण ऐतिहासिक बीना जाणवामां आवी नथी. अमारा धारवा प्रमाणे ते जैनाचार्योएज रच्या होवा जोइये. छतां ते संबंधी चोकस निर्णय डेलाना भंडारमांनी प्रतो जोयाथीज थई शके.

F आ ग्रंथ तेना कर्त्ताना नाम साथे जेसलमेरनी बन्ने टीपमां नोंधायल छे. माटे ते ऊतारवा योग्य छे. परंतु तेना कर्त्ता चंद्रानंद ते कोण हता ते संबंधी कांइ खुलासो जाणवामां आव्यो नथी. पण तेमना नाम उपरथी ते दिगंबर हशे एम लागे छे, छतां ते संबंधी तेवो कोई विशेष पुरावो मळ्या वगर निर्णय थवो मुश्केल छे.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं | क्या छे? |
|---|---|---|---|---|---|
| ३१ | परमात्मप्रकाश ( दूहा ) | ३४५ | योगींद्रदेव | | डेक्कन. P. 5. |
| ३२ | परमसुखद्वात्रिंशिका | ४० | जिनप्रभ | | जेसलमेर. |
| | टीकाA | ताड ६५ | | | पा २ |
| ३३ | पद्मनंदिपंचविंशतिका | | (दिगं.) पद्मनंदि | | पा. १ लींबडी. |
| ३४ | परमानंदपंचविंशतिका | पत्र १ | | | अ. १ |
| ३५ | प्रबोधसार | ५०० | (दिगं) यशःकीर्ति | | A. S. |
| ३६ | पुरुषार्थसिध्युपाय | २२७ | (दिगं) अमृतचंद्र | | पा. ३-५. A. S. |
| | टीका B | | | | A. S P. 4 |
| ३७ | बुद्धिसागर | ४०२ | संग्रामसिंह | | पा. ५ डेक्कन. |
| ३८ | मनःस्थिरीकरण विवरण | २३०० | महेंद्रसिंह C | | पा. २ |
| ३९ | योगप्रदीप | १२७० | शुभचंद्र | | पा. १-३-५. |
| ४० | योगकल्पद्रुम | ४१५ | विरूपाक्ष | | वृ. पा. १-४ |
| ४१ | योगसार | २०६ | योगचंद्र D | | वृ. ३-४ लींबडी. |

A आ टीका फक्त पाटणना बीजा भंडारनी टीपमां नोंधी छे पण ते कोणे रची छे ते संबंधी हकीकत जाणवामां आवी नथी. छतां ते ताडपत्र पर लखेली होवाथी तेनी नकल करावी लेवानी जरूर छे.

B टीका तेना मूळ साथे पिटर्सनना रिपोर्ट चोथामां नोंधी छे. पण ते केटला श्लोकनी छे, ते संबंधी कंई हकीकत आपी नथी. तो ते कोणे रची हशे अने केटला श्लोक प्रमाणनी छे ते बाबत तपास करी नक्की करवी जोइये.

C आ महेंद्रसिंहसूरि ते आंचलिक धर्मघोष सूरिना शिष्य के जेमणे शतपदिका नामनो ग्रंथ विक्रम सं. १२९४ मां रचेल छे, ते छे के बीजा छे ते प्रशस्ति जोये मालम पडे तेम छे.

D आ योगचंद्र क्यारे थया छे ते जाणवामां आव्युं नथी.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ४२ | योगरत्नसमुच्चय A | पत्र १२ | | | अ. १ |
| ४३ | योगानुशासन B | १५०० | | | जेसलमेर |
| ४४ | योगशतक C | गा. १०१ | हरिभद्र | | S. K. |
| ४५ | योगसंग्रहसार D | | | | बृ. |
| ४६ | लघुरत्नत्रय | गा. ४० | | | पा. २ |
| | टीकाE | ताड६३ | | | पा २ |
| ४७ | समाधि तंत्र | | दिगं. कुंदकुंद | | A. S. |
| | टीका | पत्र १५४ | पर्वत धर्मार्थी | | जेसलमेर. |
| ४८ | समाधिशतक | | (दिगं) पूज्यपाद | | A. S. |
| ४९ | समभावशतक F | १०२ | धर्मघोष | | बृ. |
| ५० | साम्यशतक | १०४ | विजयसिंह | | बृ. पा. ३ |

A आ ग्रंथ अमदावादना डेलाना भंडारनी टीपमां नोंधायो छे. ते परथी तेने टांक्यो छे. ते तेना नामपरथी योगनो हशे एम लागे छे, छतां वखते वैदकनो पण होइ शके. तो ते योगनो छे के वैदकनो छे ते बाबत तपास करी नक्की करवुं जोइये.

B आ ग्रंथ शक पडतो लागे छे कारण के ते फक्त जेसलमेरनी टीपमां हीरालाले नोंध्यो छे. अने ते त्रुटक छे एम जणावेल छे, तो ते कोणे रच्यो छे तथा तेनो केटलो भाग तुटक छे ते तपासी नक्की करवानी जरूर छे.

C आ ग्रंथ हरिभद्रसूरिकृत ग्रंथोमां नोंधायो छे तेज छे.

D एना माटे बृहत्‌टिप्पनिकामां नीचे मुजब उल्लेख छे:—

" योगसंग्रहसाराध्यात्मशास्त्रं "

E आ टीका फक्त पाटणना बीजा भंडारमां ताडपत्रपर लखायेली छे ते अमारा धारवा मुजब दिगंबरकृत छे.

F एना माटे बृहत् टिप्पनिकामां "समभावशतं अंतरंगकथावाच्यं श्रीधर्मघोषसूरिकृतं १०२" आ रीते उल्लेख छे. पण अत्यारसुधी ते कोइपण भंडारमां ऊपलब्ध थयुं नथी.

## लीस्ट नंबर ४.

# जैन फिलॉसोफि.

# प्राक्रियाग्रंथो.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | **वर्ग १ लो.** | | | | |
| १ | कर्मग्रंथो. A | | | | |
| | (१) कर्मप्रकृति B गा.४१५ | ६०० | शिवशर्म C | | वृ, पा. ३ सुलभ्य |
| | चूर्णि D | ७००० | | | वृ. पा. २ जे. खं. |
| | टिप्पनक | १९२० | मुनिचंद्र | | वृ. जेसल E |
| | वृत्ति (ससूत्र) | ८००० | मलयगिरि | | वृ. पा. ३-४ सुलभ्य |
| | वृत्ति | १३००० | यशोविजय | | पा. ३ मु. को. |
| | (२) पंचसग्रह F | | चंद्रर्षिमहत्तर | | वृ. |
| | वृत्ति G | | स्वोपज्ञ | | वृ. |
| | वृत्ति | १८८५० | मलयगिरि | | पा. १-२-३ ली. |

A आ मथाळा नीचे कर्मसंबंधी वर्णनना पांच ग्रंथ नोंध्या छे.

B एने प्राकृतमां "कम्मपयडि" कहे छे. ए ग्रंथ कर्मप्रवाद नामना पूर्वमांथी उद्धृत करेल छे एम तेमां जणाव्युं छे. दिगंबराम्नायमां नेमिचंद्रसैद्धांतिके रचेली बीजी कर्मप्रकृति आशरे श्लोक अढीसेनी छे अने ते पाटणना नं. ४ तथा ६ वाळा भंडारमां छे.

C शिवशर्मसूरि देवर्द्धिगणिक्षमाश्रमणथी पूर्वे थइ गया छे. केमके नंदिसूत्रनी स्थविरावळीमां कम्मपयडिनुं नाम आपेल छे. तेथी ए ग्रंथ अत्यंत प्राचीन छे.

D एमां वेदनादि आठ करण दर्शावेलां छे.

E जेसलमेरनी बे टीपमां एने विशेषवृत्ति तरीके नोंध्युं छे.

F पंचसंग्रहमां शतक–सप्ततिका–कषायप्राभृत–सत्कर्म अने कर्मप्रकृति ए नामना पांच विभागो छे.

G आ वृत्ति बृहट्टिप्पनिकामां नोंधी छे पण ते कोई भंडारमां उपलब्ध थइ नथी. एना माटे ते टिप्पनिकामां नीचे मुजब उल्लेख छे:—

"पंचसंग्रहस्य शतक १ सप्ततिका, २ कषायप्राभृत, ३ सत्कर्म, ४ कर्मप्रकृति, ५ संग्रहात्मकस्य वृत्तिः सूत्रकारचंद्रर्षिकृता पत्तनंविना न."

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | दीपक A | २५०० | जिनेश्वर शिष्य वामदेव B | | नगीनदास |
| | ( ३ ) पांच प्राचीनकर्मग्रंथ | | | | |
| | (१)कर्मविपाक | गा. १६८ | गर्गर्षि C | | नगीनदास |
| | वृत्ति | ९२२ | परमानंद D | | वृ नगीन. डेक्कन पा ६ |
| | टिप्पन | ४२० | उदयप्रभ E | | वृ. अ. २ |
| | ( २ ) कर्मस्तव | गा. ५७ | | | वृ. नगीनदास |
| | भाष्य F | पत्र १० | | | पा. २—५ |
| | वृत्ति | १०९० | गोविंदाचार्य G | | वृ. पा.५ डे. लीं. को. |
| | वृत्ति | | हरिभद्र H | | पा. २ |
| | टिप्पन | २९२ | उदयप्रभ | | वृ. |

A आ दीपक ते कोइ दीपकनामनी वृत्ति होवी जोईए.

B आ वामदेवसूरिनो वधु इतिहास जाणवा माटे प्रशस्ति जोवानी जरूर छे.

C गर्गर्षिने उपमितिभवप्रपंचानी प्रशस्तिमां सिद्धर्षिए पोताना दीक्षादायक गुरु तरीके जणाव्या छे. हवे सिद्धर्षिए ते कथा सं. ९६२ मां रची छे, माटे गर्गर्षि ते समयना पूर्वे थया छे.

D परमानंदसूरिनी वंशावली आप्रमाणे छे:—

" भद्रेश्वरसूरि–शांतिसूरि–अभयदेवसूरि अने परमानंद तेओ कुमारपाळना राज्यमां सं. १२२१ मां हता. एम खंबातना नगीनदासना भंडारमां रहेली तिलकसुंदरी अने रत्नचूडनी कथाना पुस्तकमां नोंध छे. जुवो रिपोर्ट ३ पेज ६९.

E उदयप्रभसूरिए सं. १२९९ मां उपदेशमाळानी कर्णिकावृत्ति रचेली छे.

F आ भाष्य पाटणना भंडारमां ताडपत्र उपर लखेल छे.

G गोविंदाचार्यना गुरुनुं नाम देवनाग छे.

H पाटणनी टीपमां आ हरिभद्रने जिनदेवना शिष्य लख्या छे.

| नंबर. | नाम. | श्लोक | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | (३) बंधस्वामित्व | | | | |
| | वृत्ति | ५६० | हरिभद्र | ११७२ | वृ. जेसल. |
| | (४) षडशीति A | | जिनवल्लभ | | वृ. सुलभ्य |
| | भाष्य | | | | पा. ३—५ |
| | वृत्ति | ८५० | हरिभद्र | ११७२ | वृ. पा. १ |
| | वृत्ति (प्रा.) | ८०५ | रामदेव B | | वृ. जेसल. |
| | वृत्ति | २००० | मलयगिरि | | वृ. पा. २-४-५ |
| | वृत्ति | १६३० | यशोदेव | | वृ. |
| | विवरण | पत्र ३२ | मेरुवाचक | | अ. २ |
| | अवचूरि | ७०० | | | खं. |
| | उद्धार | १६०० | | | खं. |
| | (५) शतक | गा. १११ | शिवशर्म | | डेक्कन. |
| | भाष्य | गा. ३५ | | | डे. पा. ३ |
| | चूर्णि | २३८० | | | वृ. पा. २-३ जे.अ.२ |
| | वृत्ति | ३७४० | मलधारि हेमचंद्र | | वृ. पा. ४-५. डे. |
| | टिप्पन | ९७४ | उदयप्रभ | | वृ. |
| | अवचूरि | पत्र २५ | गुणरत्न | | पा. ४ |

A षडशीतिनुं बीजुं नाम आगमिकवस्तुविचारसार छे.

B रामदेवगणि जिनवल्लभसूरिना शिष्य हता.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | सार्द्धशतक A | | जिनवल्लभ | | वृ. सुलभ्य. |
| | भाष्य | | | | पा. ३—५ |
| | चूर्णि | पत्र ६९ | मुनिचंद्र | | अ. २ |
| | वृत्ति | ८५० | हरिभद्र | ११७२ | वृ. |
| | वृत्ति | ३७०० | धनेश्वर | ११७१ | वृ. पा. १-३-६ खं. |
| | वृत्ति B | ताड१५१ | चक्रेश्वर C | | वृ. पा ३ अ, २ |
| | टिप्पनक | १४०० | | | वृ. जेसल. |
| | (४) पांच नव्यकर्मग्रंथ D | ५२२ | देवेंद्रसूरि E | | मुद्रित. सुलभ्य. |
| | वृत्ति F | १०१३७ | स्वोपज्ञ | | वृ. पा. १-३-४ को. सुलभ्य. |

A आ सार्द्धशतकनुं अपरनाम "सूक्ष्मार्थविचारसार" छे. आ ग्रंथ अमे शतकना पेटामांज नोंध्यो छे. तेनुं कारण ए के तेना प्रांतमां शतक शब्द जोडायलोज छे एटले तेनो आ पेटा ग्रंथज छे.

B बृहत्‌टिप्पनिकामां सार्द्धशतकनी प्राकृतवृत्ति नोंधी छे. ते आ वृत्ति कदाच होय तो होय पण चोकस निर्णय प्रत जोवाथी थइ शके.

C चक्रेश्वरसूरि बे थया छे. एक सं. ११८७ मां हता. ते वर्द्धमानसूरिना शिष्य हता. अने बीजा चक्रेश्वरसूरि ते तिलकाचार्यना गुरु शिवप्रभसूरिना गुरु हता. तेमना गुरुनुं नाम धर्मघोषसूरि हतुं. माटे आ वृत्तिना करनार चक्रेश्वरसूरि ए बेमांथी कया छे ते प्रतनी प्रशस्ति जोयाथी मालम पडे तेम छे.

D आ पांच नवा कर्मग्रंथना नाम कर्मविपाक–कर्मस्तव–बंधस्वामित्व–षडशीति अने शतक छे. आजकाल आ नवा कर्मग्रंथनो प्रचार चालु छे.

E देवेंद्रसूरि सं. १३२६ मां स्वर्गवासी थया छे.

F वृत्तिना पांच विभागनी श्लोक संख्या नीचे मुजब छे:—

| | | |
|---|---|---|
| १ कर्मविपाकवृत्ति १८८२ | २ कर्मस्तववृत्ति ८३० | ३ बंध स्वा. अवचूरि ३८५ |
| ४ षडशीतिवृत्ति २८०० | ५ शतकवृत्ति ४२४० | |

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | अवचूरि | २९५८ | मुनिशेखर A | | पा. १ |
| | अवचूरि B | ५४०७ | गुणरत्न | | पा. ५—६ |
| | कर्मस्तवविवरण | १५० | कमलसंयम | १४५९ | जेसलमेर. |
| | (५) सत्तरि C | गा. ९१ | चंद्रर्षिमहत्तर | | वृ. |
| | भाष्य D | | अभयदेव | | वृ. पा. ४ |
| | चूर्णि | पत्र१३२ | | | वृ. अ. २ जेसल. बे. |
| | वृत्ति (प्रा.) E | २३०० | चंद्रर्षिमहत्तर | | वृ. |
| | वृत्ति | ३७८० | मलयगिरि | | वृ. पा. २-३-४-५. |
| | वृत्ति | ४१५० | मुनिशेखर | | भावनगर. |
| | टिप्पनक | गा. ५४७ | खरतर रामदेव | | वृ. जेसलमेर. |
| | अवचूरि F | | गुणरत्न | | पा. ५-६ |

A मुनिशेखरसूरिए पद्मप्रभसूरिकृत पार्श्वस्तव उपर अवचूरि रचेल छे. एटली हकीकत जाणवामां आवी छे. माटे तेमना संबंधे वधु इतिहास जाणवा माटे आ ग्रंथनो प्रशस्ति लेख जोवानी जरूर छे.

B आ अवचूरिनी श्लोकसंख्या पांच कर्मग्रंथ तथा छठ्ठी सत्तरिनी अवचूरि मेळवीने नोंधी छे.

C सतरि ए प्राकृत नाम छे. संस्कृतमां सप्ततिका नाम छे. एने साथे गणतीमां लईए तो छ जूना कर्मग्रंथ थाय छे, अने नवा साथे पण तेज चालु रहेल होवाथी नवा कर्मग्रंथ पण छ गणाई शके. तेथी सत्तरिने छठ्ठो कर्मग्रंथ गणे छे.

D पाटणनी टीपमां आ भाष्यना कर्त्ता अभयदेव नोंध्या छे तो ते कया अभयदेव छे ते जाणवा माटे तेनी प्रत जोवी जोईये.

E आ वृत्ति वृहत्‌टिप्पनिकामां नोंधी छे पण ते क्यां पण उपलब्ध थती नथी, माटे आवा प्राचीन ग्रंथनो शोध करवा माटे दरेक जैने ध्यान आपवुं घटे छे.

F अवचूरिनी श्लोकसंख्या नवा कर्मग्रंथनी अवचूरिना साथे गणाई छे.

| नंबर | नाम. | श्लोक. | कर्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| २ | क्षेत्रसमास. | | | | |
| | (१)'नमिऊण' क्षेत्रसमास A | गा. ३७ | जिनभद्रगणि | | पा. २-४ लीं. डेक्कन. |
| | वृत्ति | ३००० | सिद्धसूरि ( देवगुप्तशिष्य ) | ११९२ | वृ. पा. १-२-५ |
| | वृत्ति | ७८८७ | मलयगिरि | | वृ. पा. ३. डे. को. |
| | (२)'नमिऊणसजल' क्षेत्र. B | गा. १२७ | जिनभद्रगणि | | पा. ३. भा.अ.२लीं.खं. |
| | वृत्ति | ३२५६ | विजयसिंह | १२१५ | पा. ४-५भाव. |
| | वृत्ति | २००० | आनंदसूरि (जिनेश्वर शिष्य) | | पा. ५ लीं. |
| | वृत्ति | ३३३२ | देवानंद ( पद्मप्रभशिष्य ) | १४५५ | पा. ५ अ. २ |
| | वृत्ति | ५११ | हरिभद्रसूरि C | | वृ.पा.१-३अ.२. जे.डे. |
| | (३)'नमित्तुवीरं'क्षेत्रस. D | गा. ३४१ | श्रीचंद्र | | मगीनदास. |
| | वृत्ति E | १००० | देवभद्र | १२३३ | वृ. |

A आ क्षेत्रसमासने साधारण रीते वृहत् क्षेत्रसमासना नामथी ओळखवामां आवे छे. तेनी आदिमां " नमिऊण सजल जलहर " ए प्रथमपद होवाथी अमे तेनी विशेष ओळख करावया माटे ते नामे इहां नोंध्यो छे.

B आ क्षेत्रसमासने लघु क्षेत्रसमासना नामे ओलखवामां आवे छे. तेना कर्त्ता जिनभद्रगणि छे एम पीटर्सनना पेला रिपोर्टमां पाने २६ मे नोंध्युं छे. छतां ते संबंधे तेनी टीकापरथी चोकस निर्णय थई शकसे. आ क्षेत्रसमासनी गाथाओ कोई प्रतमां थोडी वधु तो कोईमां थोडी कमी मळे छे माटे टीकापरथी ते नक्की करवी जोईये. एनुं आदिपद पण " नमिऊण सजलजलहर " छे. वळी आ ग्रंथने जंबूद्वीपप्रकरण तरीके पण ओलखवामां आवे छे.

C आ हरिभद्रसूरि याकिनीसूनु छे के बीजा छे ते प्रत जोयाथी जाणीशकाय तेम छे.

D एनुं आदिपद " नमित्तु वीरं सयलत्थसाहगं " छे.

E आ वृत्ति वृहत्‌टिप्पनिकाकारे वृहत्‌क्षेत्रसमासनी वृत्ति तरीके नोंधी छे, पण अमारा अनुमाने ते आ क्षेत्रसमासनी होवी जोईये. कारणके मूळकार श्रीचंद्रसूरि आ वृत्तिकारना गुरु थाय छे माटे गुरुना ग्रंथपर शिष्ये टीका करी होवी जोईये. छतां चोकस निर्णय ग्रंथ जोये थई शके पण ते ग्रंथ हजु लगण अमने कोई भंडारमां हाथ लाग्यो नथी.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | (४)पद्मदेवीय क्षेत्रस० A | गा. ६५६ | पद्मदेव B | | पा. २ |
| | (५)'वीरंजय' क्षेत्रस० C | २६२ | रत्नशेखर D | | पा. १-३ मुद्रित. |
| | वृत्ति | १६०० | स्वोपज्ञ | | पा.१-३-४ सुलभ्य. |
| | (६) संस्कृत क्षेत्रस. E | ५०७ | उमास्वातिवाचक | | वृ. पा. ४ अ.१-२ |
| | वृत्ति | २८०० | | | अ. १ |

A आ क्षेत्रसमासनुं आदिपद जणायुं नथी एटले तेने कर्त्ताना नामे ओळखाववो पड्यो छे. एनी गा. ६५६ छे के श्लोक ६५६ छे ते माटे ग्रंथ तपासवानी जरूर छे.

B पद्मदेवसूरि बे थया छे त्यां एक पद्मदेव मानतुंगसूरिना पाटे विराजनार हता अने बीजा मलधारि नरचंद्रसूरिना वंशमां थया जे श्रीतिलक उपाध्यायना गुरु हता. आ बीजा पद्मदेवसूरि सं. १२६१ थी १२९६ ना समयमां हता अने पेला पद्मदेव सं. १२९२ मां हयात हता माटे समकालीन गणी शकाय. ते शिवाय पीटर्सने पांचमा रिपोर्टमां बीजा पद्मदेवसूरि लक्ष्मचंद्रगणिना गुरु तरीके जुदा जणाव्या छे, पण अमारा धारवा मुजब तेओ ऊपरना बे पद्मसूरिमांना एक होवा जोईये. कारणके फक्त शिष्यना नामपरथी बीजा पद्मदेवसूरि थया होय एम मानी शकवुं मुश्केल छे.

हवे आ बे पद्मदेवमांथी कया पद्मदेवसूरिए आ ग्रंथ रच्यो छे ते ते ग्रंथनी प्रशस्ति जोयाथी जणाय तेम छे, माटे ए ग्रंथनो आद्यंत तपासवानी जरूर छे.

C आ क्षेत्रसमासनुं आदिपद " वीरंजयसेहरपय " एवुं छे. आ क्षेत्रसमास आजकाल लोकोमां विशेष प्रचलित छे.

D रत्नशेखरसूरिए सं. १४९६ मां अर्थदीपिका नामे षडावश्यकनी वृत्ति रची छे.

E आ संस्कृत क्षेत्रसमास चार आन्हिकनो छे. पाटणनी टीपमां तेना श्लोक ५०७ लखेला छे, अमदावादनी चंचलबाना भंडारनी टीपमां श्लोक १३२१ आपेला छे अने डेलानी टीपमां ते सटीक जणावीने तेना पत्र ४४ नोंध्यां छे, ते माटे डेलानी प्रत तपाशी चोकशी करवी जोईये छीये. आ क्षेत्रसमासने जंबूद्वीपसमास पण कहे छे.

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | (७) "सिरिनिलयं" क्षेत्रस॰ A | गा.४८९ | सोमतिलकB | | बृ. खं. |
| | वृत्ति C | २३४५ | | | |
| | लघुवृत्ति D | १०३६ | गुणरत्न | | पा. ४ |
| | अवचूरि | ३८८ | " | | पा. ३ |
| | अवचूरि | ५०० | ज्ञानसागर | १४६५ | खं. |
| | (८) " सिरिवीरजिणं " क्षेत्रस॰ E | गा. ७७ | | | पा. ४ खं. |
| ३ | जीवविचारना ग्रंथो. | | | | |
| | (१)जीवविचार | गा. ५१ | शांतिसूरि F | | मुद्रित. |
| | वृत्ति | १००० | रत्नाकरसूरिG | | डेक्कन. |

A आ क्षेत्रसमासनुं आदिपद " सिरिनिलयं वीरजीणं " एवुं छे. आने खंबातनी टीपमां नवो बृहत्क्षेत्रसमास तरीके ओळखवामां आव्युं छे. बृहट्टिप्पनिकामां एनी गा. ३८९ लखी छे, पण खंबातनी टीपमां ४८९ छे.

B सोमतिलकसूरिए सं. १३९४ मां शीलतरंगिणी रची छे. (जैनागम लिस्ट पेज ५६ मांनी नोट जुओ.)

C आ वृत्ति कोणे रचेल छे ते माटे तेनी प्रत जोवी जोईये ते प्रत कया भंडारमां छे ते तारवणी करतां नोंधतां रही गई छे.

D आ लघुवृत्ति अने अवचूरि एकज छे के जूदी छे ते तपाशी नक्की करवानुं छे. श्लोक-संख्या जोतां जूदी जणायाथी अमे तेने जूदी नोंधी छे.

E आ क्षेत्रसमासनुं आदिपद " सिरिवीरजीणं वंदिय " एवुं छे. तेनी टीका मळी नथी, पण ते क्यां पण होवी जोईये. माटे तेनी शोध करवी जोईये.

F शांतिसूरि माटे जैनागम लिस्ट पेज २४ मां आपेली तेमना नाम नीचेनी नोट जुवो.

G रत्नाकरसूरि सं. १३७० मां हता एम आपणे जाणिये छीये पण डेक्कनकॉलेजना रिपोर्टमां तेमना नाम साथे वाचक पद जोडयुं छे, ते भूलथी जोडायुं लागे छे.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | वृत्ति | | ईश्वराचार्य A | | पा. ४ अ. १ |
| | वृत्ति | | मेघनंद B | | अ. १ |
| | वृत्ति | | क्षमाकल्याण | १८५० | अ. १ |
| | (२)जीवविचार(बीजो)C | गा. २८ | | | डेक्कन. |
| | (३)जीवसमास D | गा. २६७ | | | पा. ३ सं. लीं. |
| | वृत्ति E | ६६२७ | ारि हेमचंद्र | ११६४ | बृ.पा.१-४नगीनदास. |
| | वृत्ति | पत्र २२ | शैलाचार्य F | | अ. २ |
| ४ | दंडकना ग्रंथो. | | | | |
| | दंडक G | गा. ३६ | गजसार}H | | मुद्रित. |

A ईश्वराचार्य क्यारे थया छे ते जाणवा माटे आ वृत्तिनी प्रशस्ति जोवी जोईये. कारण के तेमनासंबंधी बीजो कंई इतिहास अमने मळी शक्यो नथी. वृत्तिनी श्लोकसंख्या पाटणनी टीपमां ३३५ आपेली छे.

B मेघनंद ए नाम शक पडतुं लागे छे, माटे प्रत तपासवानी जरूर रहे छे.

C आ जीवविचार डेक्कनकॉलेजमां ताडपत्रपर लखेलो छे एम पीटर्सनना पांचमा रिपोर्टपरथी जणायुं छे.

D जीवसमास प्राचीन ग्रंथ छे तेना कर्त्ता कोण छे ते जणायुं नथी.

E आ वृत्ति खंभातना नगीनदासशेठना भंडारमां ताडपत्र ऊपर खुद मलधारि हेमचंद्रसूरिना हाथनी लखेली मोजूद छे.

F डेलानी टीपमां शैलाचार्य एवुं नाम लखेल छे पण अमारा धारवा मुजब ते शीलाचार्य होवा जोईये. अने जो तेम होय तो ए टीका खास उतारवा योग्य छे.

G आ ग्रंथने आजकाल दंडक तरीके ओळखवामां आवे छे पण असलमां ए नाम चालु होय एम लागतुं नथी. असलमां एनुं नाम विचारषट्त्रिंशिका छे. ते उपरांत एने दंडकगर्भित जिनस्तव तरीके पण ओळखवामां आवे छे, परंतु हालमां तेने दंडक तरीकेज ओळखाय छे तेथी अमे पण दंडक तरीके तेनी नोंध करी छे.

H गजसारमुनि क्यारे हता ते जणायुं नथी.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | वृत्ति | पत्र १४ | रूपचंद्र A | | अ. १ |
| | अवचूरि | | | | पा.१ |
| | महादंडक (अवचूरि) | | | | पा. ३ |
| ५ | नवतत्वना ग्रंथो. | | | | |
| | (१)नवतत्व B | गा. ५३ | | | मुद्रित. |
| | वृत्ति | ताड.५४ | अंबप्रसाद C | १२२० | पा. १-२. |
| | वृत्ति | | कुळमंडन | | अ. २ |
| | वृत्ति | | देवेंद्र | | अ. २ |
| | वृत्ति | | समयसुंदर | | अ. २ |
| | वृत्ति | ४०० | | | लींबडी |
| | विवरण | १३०० | | | डेक्कन. |
| | अवचूरि | | हर्षवर्ध्धन | | अ. २ |
| | अवचूरि | | साधुरत्नसूरिD | | पा. १-३-४ |
| | (२) नवतत्वविचार E | १२८ | | | पा. ४ अ. १ |

A रूपचंद्रमुनि गई सदीमां थया छे ते छे के बीजा कोई छे ते प्रत जोयाथी मालम पडे तेम छे.

B नवतत्व कोणे रच्युं छे ते जाणवामां आव्युं नथी केमके तेना प्रांते कर्त्तानुं नाम मळतुं नथी.

C अंबप्रसाद ए नामना माटे पाटणमां रहेली ताडपत्रनी प्रत फरी तपासवी घटे छे.

D साधुरत्नसूरिए सं. १४५६ मां यतिजीतकल्पनी टीका रची छे.

E आ ग्रंथ संस्कृतमां छे. अमदावादना डेलाना भंडारनी टीपमां तेनुं नाम नवतत्वविचारसार आप्युं छे अने ते पत्र ८ नुं नोंध्युं छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | सारोद्धार A | गा. ८ | | | डेक्कन. |
| | (३)नवतत्वगाथा B | | देवगुप्त C | | वृ. |
| | भाष्य | गा. १५३ | नवांगीकार अभयदेव | | वृ. डेक्कन. |
| | वृत्ति | २४०० | यशोदेव | ११७४ | वृ. डेक्कन. पा. ३-४ |
| | (४)वृहन्नवतत्व D | | | | डेक्कन. |
| ६ | संग्रहणीना ग्रंथो. | | | | |
| | (१)जिनभद्रीय वृहत् संग्रहणी E | गा. ५२० | जिनभद्रगणि | | पा. ४ खं. |
| | वृत्ति | २५०० | शालिभद्र F | ११३९ | वृ. पा. ३-४-५डेक्कन. |
| | वृत्ति | ५००० | मलयगिरि | | वृ. सुलभ्य. |
| | वृत्ति G | पत्र ४७ | जिनवल्लभ | | जेसलमेर बे. |

A आ नवतत्वविचारसारोद्धारनी आठ गाथा छे अने तेनुं आदिपद " अरहंता भगवंता " एवुं छे. ते डेक्कनकॉलेजमां ताडपत्र ऊपर छे.

B " एगविहं सम्मरुई " इत्यादि नवतत्वनी गाथाओ छे.

C देवगुप्तसूरिनुं अपरनाम जिनचंद्र छे तेओ उकेशगच्छना हता अने तेमणे सं १०७३ मां पोते रचेला नवपदप्रकरणऊपर " श्रावकानंदी " नामनी वृत्ति रची छे.

D वृहत्नवतत्व केटली गाथानुं छे तथा कोणे रचेलुं छे ते संबंधी कंई पण हकीकत मळती नथी. माटे ए संबंधी डेक्कनकॉलेजमांनी तेनी प्रत तपासवी जोइये छीये.

E आ संग्रहणीनुं आदिपद " निठविय अठकम्मं " एवुं छे.

F शालिभद्रना बदले पीटर्सनना रिपोर्टमां शीलभद्र नोंध्या छे, पण वृहत् टिप्पनिकामां तथा पाटणनी टीपोमां तथा डेलानी टीपमां शालिभद्र नाम मळे छे, माटे रिपोर्टमां नामफेर थयुं लागे छे अथवा कदाच तेमना बे नाम पण होय तो होय.

G जिनवल्लभसूरिए करेला स्वतंत्र ग्रंथ मळे छे, पण तेमणे करेली वृत्ति कोई पण जाणवामां आवी नथी, माटे आ वृत्ति तेमणेज करेली छे के केम ते माटे तेनी प्रत फरीने नजरे जोवानी जरूर रहे छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या॰नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | (२)प्रतिक्रमण संग्रहणी | गा॰ १६९ | | | खं. |
| | (३)श्रीचंद्रीय संग्रहणी A | गा. ३१३ | श्रीचंद्र | | सुलभ्य. |
| | वृत्ति | ३५०० | मलधारि देवभद्र | | सुलभ्य. |
| | अवचूरि | १६०० | ” | | पा. १-३-४ |
| | (४)संस्कृत संग्रहणी B | पत्र१६ | | | अ. २ |
| | (५)हारिभद्री जंबूद्वीप संग्रहणी | गा॰ ११२ | हरिभद्रसूरि | | मुद्रित. |
| | वृत्ति | ६६७ | प्रभानंद | १३९० | पा. २-४-५ |
| | (६)हारिभद्री लघुसंग्रहणी | गा.३३ | हरिभद्र | | मुद्रित. |

A आ संग्रहणीनुं आदिपद “ नमिउ अरिहंताई ” एवुं छे.

B आ संस्कृत संग्रहणी कोणे रचेली छे ते माटे तेनी प्रत जोवानी जरूर छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | **वर्ग २ जो.** | | | | |
| | **मोटा ग्रंथो.** | | | | |
| १ | धम्मसुयप्रकरण A | ३२७० | | | पा. २ |
| २ | प्रवचनसंदोह B | गा. २५० | | | वृ. पा. २—६ |
| | वृत्ति C | | | | वृ. |
| ३ | प्रवचनसारोद्धार गा. १६०६ | २००० | नेमिचंद्र D | | मुद्रित. |
| | वृत्ति | १६५०० | सिद्धसेन | १२४२ | वृ. पा.१-२-४ को. सु. |
| | विषमपदपर्याय | ३२०२ | उदयप्रभ E | | वृ. पा. १-२ खं. |
| | लघुप्रवचनसारोद्धार F | पत्र. ४ | श्रीचंद्र | | भरूच. |

A आ नाम प्राकृत छे तेनुं संस्कृत रूप धर्मश्रुत थई शके—पण पाटणनी टीपमां "धमासुयप्रकरण" ना नामे नोंध्युं छे माटे तेनुं संस्कृतरूप केवुं थाय ते ग्रंथ तथा तेनी अंदर हकीकत जोई निर्णय थई शके तेम छे ते कारणे अमे इहां तेने प्राकृत नामथी नोंध्युं छे.

B वृहत्‌टिप्पनिकामां एने " पवयणसंदोह " एवा प्राकृतनामथीज नोंध्युं छे. परंतु तेने अमे इहां संस्कृत नामथी नोंध्युं छे.

C प्रवचनसंदोहनी वृत्ति फक्त वृहत्‌टिप्पनिकामां लखेली जणाय छे, पण ते अमारा जोवामां हजूलगण आवी नथी, माटे जे मुनिमहाराज पासे ते ग्रंथ होय तेमणे तेनी श्लोकसंख्या लखी जणाववी.

D नेमिचंद्रसूरि त्रण थया छे. एक सर्वदेवसूरिना शिष्य अने पृथ्वीचंद्र चरित्रना कर्त्ता शांतिसूरिना गुरु, बीजा खरतरगच्छनी पट्टावळीमां नोंधेला उद्योतनसूरिना गुरु, अने त्रीजा सं. ११२९ मां उत्तराध्ययननी लघुवृत्ति रचनार नेमिचंद्रसूरि के जेओ सैद्धांतिकशिरोमणि तरीके ओळखायला छे. आ त्रणेमांथी कया नेमिचंद्रसूरिए आ ग्रंथ रच्यो छे ते माटे एनी टीकामांथी खुलासो मेळववो जोइये.

E उदयप्रभसूरिए सं. १२९९ मां उपदेशमालानी कर्णिकावृत्ति रची छे.

F आ ग्रंथ पं. आनंदसागरजी महाराज पासे पण छे.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ४ | लोकप्रकाश | १७६२१ | विनयविजय | १७०८ | सुलभ्य. |
| ५ | विचारसार A | गा. ८९७ | प्रद्युम्नसूरि B | | वृ. नगीनदास. |
| ६ | शास्त्रवार्त्तासंग्रह | पत्र ५४ | शांत्याचार्य | | भाव. |
| ७ | स्थानप्रतिद्वार C | ६५४० | | | पा. २ |

A विचारसार माटे वृहत्टिप्पनिकामां आवो उल्लेख छे:—" विचारसारप्रकरणं प्रद्युम्नसूरिकृतं सोपयोगिवहुसंग्रहं गा. ८९७." माटे बहु थोडे ठेकाणे हाल मळे छे.

B प्रद्युम्नसूरि आठ थया छे:—

१ प्रद्युम्नसूरि—ते यशोदेवसूरिना शिष्य अने मानदेवसूरिना गुरु हता, मानदेवसूरिना शिष्य विमलचंद्र थया अने तेमना शिष्य उद्योतनसूरि थया. एमणे सर्वदेवसूरिना मार्फत वडगच्छनी स्थापना सं. ९९४ मां करावी माटे उद्योतनसूरिथी पूर्वे चोथी पेढीए थएला तेमना दादागुरु प्रद्युम्नसूरि सं. ९०० ना लगभग थया होय एम मानीए तो मानी शकाय तेम छे.

२ प्रद्युम्नसूरि—सर्वदेवसूरिना शिष्य. सर्वदेवसूरिए सं. ९९४ मां वडगच्छनी स्थापना करी माटे तेमना शिष्य आ प्रद्युम्नसूरि सं. १००० ना अरसामां थया गणी शकाय.

३ प्रद्युम्नसूरि—एओ राजगच्छना हता अने तेओना शिष्य अभयदेवसूरि थया के जेमणे सम्मतितर्कनी टीका रची छे. ए अभयदेवसूरिना शिष्य शांतिसूरि थया अने ते संवत् १०९६ मां स्वर्गवासी थया तेपरथी एम अनुमान बांधी शकाय के तेमना दादागुरु सं. १०५० ना अरसामां होवा जोइये.

४ प्रद्युम्नसूरि—ते यशोभद्रसूरिना शिष्य हता. तेमना शिष्य गुणसेन थया, तेमना शिष्य देवचंद्रसूरि थया अने तेमना शिष्य ते हेमसूरि थया. हेमसूरिना गुरु देवचंद्रसूरिए सं. ११६० मां प्राकृत शांतिचरित्र रचेल छे तो तेमनी चोथी पेढीए थएला प्रद्युम्नसूरि सं. ११०० ना लगभग थया मानी शकाय. आ प्रद्युम्नसूरिए मूळशुद्धिप्रकरण रचेलुं छे. के जेनुं बीजुं नाम स्थानकप्रकरण छे अने तेना ऊपर हेमसूरिना गुरु देवचंद्रसूरिए वृत्ति रचेली छे.

५ प्रद्युम्नसूरि—ते सं. ११५९ मां पूर्णिमापक्षना स्थापनार चंद्रप्रभसूरिना गुरु थया छे.

६ प्रद्युम्नसूरि—ते बुद्धिसागरसूरिना शिष्य अने देवचंद्रसूरिना गुरु सं. १२९२ मां थएला छे.

७ प्रद्युम्नसूरि ते सं. १२९४ मां थएला धर्मघोषसूरिना शिष्य देवप्रभसूरिना शिष्य हता. एटले तेओ सं. १३२५ ना अरसामां थया गणी शकाय.

८ प्रद्युम्नसूरि ते कनकप्रभसूरिना शिष्य हता तेओए सं. १३२२ मां विवेकमंजरीनी टीका शोधी छे तथा सं. १३३४ मां शालिभद्र चरित्र शोधेल छे.

आ रीते आ आठ प्रद्युम्नसूरिओमांना सातमा देवप्रभसूरिना शिष्य प्रद्युम्नसूरिए आ विचारसार प्रकरण रचेलुं छे. ( जुवो पीटर्सनना रिपोर्ट त्रीजानो पेज २७० )

C आ ग्रंथनुं नाम पण अपूर्व जेवुं लागे छे छतां तेमां शी बिना छे ते ग्रंथ जोयाथी जाणी शकाय माटे पाटणमां ताडपत्रपर रहेला आ ग्रंथनी नकल उतरावबी जोइये.

| नंबर | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं | क्या छे ? |
|---|---|---|---|---|---|
| | **वर्ग ३ जो.** | | | | |
| | संग्रह ग्रंथो. | | | | |
| १ | अनेकशास्त्रसारसमुच्चय A | ११०० | | १६८५ | डेक्कन. |
| २ | अनेकग्रंथविचारसंग्रह | पत्र ३९ | | | अ. १ |
| ३ | कर्मादिविचा सार | | | | डेक्कन. पेज १७२ |
| ४ | गाथाविचार | ७०७ | | | पा. ४ |
| ५ | गाथासहस्त्री B | | समयसुंदर | | पीटर्सनरिपोर्ट३मां अ. |
| ६ | ग्रंथसारसमुच्चय | ३४० | कुलभद्र | | डेक्कन. |
| ७ | जीवाजीवविचारविवरण C | ३००० | | | जेसलमेर. |
| ८ | द्रव्यपर्यायस्वरूप C | ६०० | | | जेसलमेर. |
| ९ | नानाविचारसंग्रह | पत्र २० | | | अ. १ |
| १० | निःशेषसिद्धांतविचार D | ३६७० | विमलसूरिशिष्य चंद्रकीर्ति | | नगीनदास. |

A डेक्कनकॉलेजमां ए ग्रंथनी प्रत सं. १४६१ मां लखायली मोजुद छे.

B आ ग्रंथ पीटर्सनना त्रीजा रिपोर्टमां अमदावादना पुस्तकोना आद्यंतना उतारा लेता त्यां नोंध्यो छे.

C.C आ बे ग्रंथ जेसलमेरनी टीपमां हीरालाले नोंध्या छे अने ते तूटक छे एम जणाव्युं छे. अमारा धारवा मुजब पेलो ग्रंथ जीवविचारनुं ज विवरण होय तो होय माटे तेनी प्रत जोई नक्की करवुं जोइये छीये.

D एना बे खंड छे. पेला खंडमां श्लोक २००० छे अने बीजामां श्लोक १६७० छे. आ ग्रंथनी प्रत सं. १२१२ मां लखेली खंबातना नगीनदासशेठना भंडारमां मोजुद छे एना अपरनाम "सिद्धांतविचार" तथा 'सिद्धांतोद्धार' एवां छे. ( जुवो पेलो रिपोर्ट पेज ३२–३३ )

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ११ | प्रवचनविचारसार A | | नयकुंजर B | | पा. १–३ को. |
| १२ | पंचसतत्यधिकार | पत्र ४६ | | | डेक्कन रिपोर्ट पेज ३०. |
| १३ | पंचास्तिप्रबोधसंबंध | | शुभशील | | डेक्कन. |
| १४ | विचाररत्नसंग्रह | १४००० | जयसोम | १६५७ | पीटर्सन रिपोर्ट ३ मां अमदावाद |
| १५ | विचाररत्नसार | पत्र २३ | | | अ. १ |
| १६ | विचाररत्नाकर | ९६१० | कीर्तिविजयगणि | | पा. २-३-४-५ को. |
| १७ | विचारसारसंग्रह | ७११३ | | | पा. ४ |
| १८ | विचारसारसंग्रह ( बीजो ) | पत्र १८ | | | अ. १ |
| १९ | विचारशतक | पत्र ४५ | समयसुंदर | | अ. १ |
| २० | विशेषशतक | पत्र ५७ | समयसुंदर | | अ. १ |
| २१ | विविधरत्नाकर | १८००० | | | कोडाय. |
| २२ | शास्त्रसारसमुद्धार C | १३०० | | | जेसलमेर. |
| २३ | श्रुतविचार D | | | | पा. ४ |

A आ ग्रंथमां जूदा जूदा आळावा संघरी नोंधेला छे.

B नयकुंजर उपाध्याय अढारमी सदीमां हता एम सांभळ्युं छे.

C जेसलमेरनी टीपमां हीरालाले आ ग्रंथ "संस्कृतगद्य–तूटक" करीने नोंधेल छे. माटे ते शो ग्रंथ छे तेनी तपास करवी जोइये.

D आ श्रुतविचार प्राकृतमां छे एम पाटणनी टीपमां नोंध्युं छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| २४ | षट्कायस्थितिविचार A | २००० | | | जेसलमेर |
| २५ | सारसमुच्चय | पत्र ८ | | | डेक्कन पेज ६५ |
| २६ | सिद्धांतविचार | ७२२ | समयमाणिक्य | | पा. ४ |
| २७ | सिद्धांतविचारसंग्रह | पत्र१६५ | | | अ. १ |
| २८ | सिद्धांतहुंडी | पत्र १२१ | | | पा. ४ |

A जेसलमेरनी टीपमां हीरालाले आ ग्रंथ नोंधेल छे, पण ते कोई ग्रंथनी वृत्ति छे के केम ते शक पडती बिना छे.

| नं. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| | **वर्ग ४ थो.** | | | | |
| | **नाना प्रकरणो.** | | | | |
| १ | अल्पबहुत्वप्रकरण A | | | | पा. ३-४ जे. |
| | अवचूरि | १२० | | | पा. ३ |
| २ | आनुपूर्वीप्रकरण | ता. ८९ | | | पा. २ |
| ३ | कर्मसंवेधप्रकरण B | ४०० | राजहंसशिष्य देवचंद्र | | जेसलमेर. |
| ४ | कर्मसंवेधभंगप्रकरण | पत्र १० | | | अ. १ |
| ५ | क्षुल्लकभवावलीप्रकरण | १०० | धर्मशेखरगणि | | पा. ३ |
| | अवचूरि | | | | पा. ३ |
| ६ | गुणस्थानक्रमारोह | १३४ | रत्नशेखर | १४४७ | पा. ४ सुलभ्य |
| | वृत्ति | १२५० | स्वोपज्ञ | | पा. १-३-४ सुलभ्य |
| ७ | गांगेयप्रकरण | | | | अ. १ |
| | अवचूरि | | | | अ. १ |
| ८ | चरणकरणमूलोत्तरगुणप्र. | ५५ | | | लीं. |
| ९ | चतुर्विंशतिजिनपूर्वभवसंख्या | पत्र १ | | | अ. १ |
| १० | जिनेश्वरनामप्रकरण | | | | डे. पेज २८६ |
| | वृत्ति | | | | डेक्कन पेज २८७ |

A हीरालाले एना कर्त्ता अभयदेवसूरि लख्या छे, माटे तपाशी नकी करवुं जोइये.

B हीरालाले आ ग्रंथ नोंध्यो छे, पण तेना नाममां तथा कर्त्तांना नाममां मजबूत संशय लागे छे माटे एनो निर्णय करवा फरीने ते पुस्तक नजरे जोवानी जरूर छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्या-नो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| ११ | ज्ञानतरंगिणीप्रकरण | पत्र ४ | | | राधनपुर. मुं. |
| १२ | तत्त्वविचारप्रकरण A | १२५ | श्रुतसाधु | | जे. |
| १३ | तत्त्वार्थबोधप्रकरण | पत्र १२ | | | अ. १ |
| १४ | दूसमदंडिकाप्रकरण B | गा. ९६ | विमलप्रभ | | वृ. पा. ३-४ |
| | अवचूरि | | | | पा. ३ |
| | दूसमदंडिका (बीजी) C | गा. ११२ | योगसारगणि | | वृ. |
| १५ | दूसमवुच्छेयदंडिका | गा. २०४ | | | वृ. |
| | दूसमवुच्छेयदंडिका(बीजी) | गा. १७३ | | | वृ. |
| १६ | देवोत्पत्तिस्वरूपप्रकरण | गा. ४३ | | | लींबडी. |

A आ ग्रंथ हीरालाले नोंध्यो छे. कर्त्ताना नाममां शक पडे छे माटे ते तपासवानी जरूर छे.

B दूसमदंडिकानुं बीजुं नाम दूसमगंडिका पण लागे छे केमके केटलीक टीपमां ते नाम नोंध्युं छे. वळी चंचळबाईना भंडारनी टीपमां तो तेनुं नाम " दूसमोद्धार " करीने पण लख्युं छे अने तेना कर्त्ता विमलप्रभ लख्या छे पण तेनी गा. ४७ जणावेली छे. वृहत्‌टिप्पनिकामां एनी गाथा ९२ आपी छे.

C वृहत्‌टिप्पानिकामां बे दूसमदंडिका अने बे दूसमविच्छेददंडिका नोंधीने नोंध्युं छे के "द्वितीयास्तु योगसारगणिकृताः " एटलुंज नहीं पण दरेकनी गाथाओ पण जूदी जूदी नोंधी छे ते परथी एम अटकळ बांधी शकाय छे के ते ग्रंथो डबल रचाया होवा जोइये. माटे आ बाबतसर विद्वान् मुनिओए ध्यान राखी शोध करवी जरूरनी छे.

| नंबर. | नाम. | श्लोक. | कर्त्ता. | रच्यानो सं. | क्यां छे ? |
|---|---|---|---|---|---|
| १७ | द्रव्यप्रकाशप्रकरण | | | | अ. १ |
| १८ | पदार्थस्थापनासंग्रह प्रकरण A | गा. ११९ | वर्द्धमानसूरि B शिष्य चक्रेश्वर | | लींबडी. |
| १९ | पुद्गलपरावर्त्तस्वरूप प्रकरण | | | | अ. १ |
| | अवचूरि | पत्र २ | | | अ. १ |
| २० | पुद्गलभंगप्रकरण | | | | अ. १ |
| | अवचूरि C | पत्र ७ | नयविजय D | | अ. १ डेक्कन पेज २१५ |
| २१ | पंचनिर्ग्रंथीप्रकरण | गा. १०५ | अभयदेव | | पा. २–३–४ सुलभ्य. |
| | अवचूरि | २६० | | | पा. ३–५ |
